




પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ   વર્ષ : ૩૦   અંક :૨૫   કુલ પાના : ૪   તારીખ : ૧૯-૦૯-૨૦૨૬ શનિવાર   કિંમત રૂા.૧.૫૦/-

તંત્રી/પ્રકાશક/માલિકઃ કરણ અજયકુમાર પંચાલ, ઓફિસ : બાંડીબારનો ખાંચો,તલાવ રોર્ડ,ગોધરા,જી.પંચમહાલ(ગુજરાત) મોઃ૯૭૧૨૮૮૦૬૭૮

RNI NO:- 67073/97   panchmahalsamachar@gmail.com   panchmahalsamachar   w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# ઉત્તર ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપઃ ૯ જિલ્લામાં એલર્ટ, નદીઓમાં નવા નીરથી ખેડૂતોમાં ખુશી

મહેસાણા

ગુજરાતમાં ચોમાસાએ ફરી જોર પકડ્યું છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો છે. ભારે વરસાદને પગલે અનેક સ્થળોએ પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે, જ્યારે નદીઓમાં નવા નીર આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



હવામાન વિભાગની આગાહી પ્રમાણે કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને લઈને ચેતવણી આપવામાં આવી છે.આ ઉપરાંત કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ અને મહિસાગર સહિતના જિલ્લાઓમાં પણ વરસાદની સ્થિતિને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદની સંભાવનાને પગલે સ્થાનિક તંત્ર દ્વારા નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં સારો વરસાદ થતાં હરણાવ નદીમાં નવા નીરની આવક શરૂ થઈ છે. ઉપરવાસમાં થયેલા વરસાદની અસર નદીના પ્રવાહમાં જોવા મળી રહી છે.હરણાવ નદીમાં પાણી આવતા આસપાસનો વિસ્તાર રમણીય બની ગયો છે. નદીમાં નવા નીરનો નજારો જોવા માટે લોકો પણ મોટી સંખ્યામાં પહોંચ્યા હતા.હરણાવમાં પાણીની આવકથી ધરોઈ જળાશયના જળસ્તરમાં પણ વધારો થવાની શક્યતા છે. સાથે જ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂગર્ભજળના સ્તરમાં સુધારો થવાની આશા વ્યક્ત થઈ રહી છે.ખેડબ્રહ્મા શહેર અને આસપાસના ગામોમાં બે ઈંચથી વધુ વરસાદ નોંધાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. વરસાદથી ખેડૂતોમાં પણ રાહત જોવા મળી રહી છે.

અરવલ્લી જિલ્લામાં પણ વરસાદે જોર પકડ્યું છે. શામળાજીની મેશ્વો નદીના ઉપરવાસમાં સારો વરસાદ પડતાં નદીમાં નવા નીર આવ્યા છે.આ સિઝનમાં પ્રથમ વખત મેશ્વો નદીમાં પાણીની આવક થતાં સ્થાનિક ખેડૂતોમાં આનંદનો માહોલ જોવા મળ્યો છે. નદીમાં પાણી આવવાથી આસપાસના વિસ્તારોના જળસ્રોતોને પણ ફાયદો થવાની આશા છે.

અરવલ્લીના મેઘરજ વિસ્તારમાં ભારે વરસાદના કારણે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી છે. રસ્તાઓ પર પાણી ભરાતા સ્થાનિક વાહનવ્યવહારને પણ અસર થઈ છે.મોડાસા-ગોધરા હાઈવે પર પાણી ભરાવાના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. ભારે વરસાદને કારણે સામાન્ય જનજીવન પણ પ્રભાવિત થયું છે.

અરવલ્લી જિલ્લામાંથી અંબાજી તરફ જઈ રહેલા માઈભક્ત પદયાત્રીઓ પણ ભારે વરસાદની વચ્ચે મુશ્કેલીમાં મુકાયા છે. ધોધમાર વરસાદ વચ્ચે પદયાત્રીઓએ પોતાનો સામાન અને માતાજીના રથને વરસાદથી બચાવવા પ્લાસ્ટિકનો સહારો લેવો પડ્યો હતો.વરસાદની વચ્ચે પણ પદયાત્રીઓ અંબાજી તરફ આગળ વધી રહ્યા છે, પરંતુ રસ્તામાં પાણી ભરાવા અને સતત વરસાદના કારણે તેમની મુશ્કેલી વધી છે.

પાટણ જિલ્લામાં વહેલી સવારથી જ વરસાદનો જોર જોવા મળ્યો છે. જિલ્લાના અનેક તાલુકાઓમાં વરસાદ પડતાં સાર્વત્રિક વરસાદી માહોલ સર્જાયો છે.પાટણ શહેરમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. સિદ્ધપુર ચાર રસ્તાથી બગવાળા તરફ જતો માર્ગ પાણી ભરાવાના કારણે પ્રભાવિત થયો છે.શહેરનું રેલવે ગરનાળું પણ પાણીમાં ડૂબી જતાં વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.

મહેસાણા જિલ્લામાં પણ સવારથી વરસાદી માહોલ જોવા મળ્યો . ખાસ કરીને વિસનગર વિસ્તારમાં ધીમીધારે વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.વરસાદ ખેતી માટે રાહતરૂપ બન્યો છે, જોકે બીજી તરફ કેટલાક શહેરી વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ જોવા મળી રહી છે.

ઉત્તર ગુજરાતમાં લાંબા સમય બાદ નદીઓમાં નવા નીર આવતાં ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારોમાં આશાનું વાતાવરણ સર્જાયું છે. ધરોઈ સહિતના જળાશયોમાં પાણીની આવક વધે તો આગામી સમયમાં પાણીની સ્થિતિમાં પણ સુધારો થઈ શકે છે.જોકે ભારે વરસાદ સાથે શહેરી વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા પણ સામે આવી રહી છે. હાઈવે અને મુખ્ય રસ્તાઓ પર પાણી ભરાતા વાહનવ્યવહાર પ્રભાવિત થઈ રહ્યો છે.હવામાન વિભાગની આગાહી વચ્ચે હવે આગામી કલાકોમાં વરસાદનું પ્રમાણ કેવું રહે છે અને નદીઓ તથા જળાશયોમાં પાણીની આવક કેટલી વધે છે તેના પર સૌની નજર રહેશે.ગુજરાત પ્રવાસન

## અમદાવાદમાં ભારે વરસાદથી જળબંબાકાર, અંડરપાસ અને બીઆરટીએસ રૂટ બંધ, વાસણા બેરેજના ૧૪ દરવાજા ખોલાયા

અમદાવાદ

અમદાવાદમાં સવારથી શરૂ થયેલા ભારે વરસાદને કારણે જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું.શહેરમાં મેઘરાજાની તોફાની બેટિંગથી અનેક જગ્યાએ પાણી ભરાયા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સવારથી ભારે વરસાદ પડ્યો છે, પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં અનેક જગ્યાએ પાણી ભરાયા છે. રસ્તાઓ પર ટ્રાફિક જામ થયો છે.

અમદાવાદમાં સવારથી વરસાદી માહોલ જોવા મળ્યો છે. સવારે સાતથી નવ વાગ્યા સુધીમાં સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. જ્યારે કેટલાક વિસ્તારમાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો છે. સરખેજ અને નવરંગપુરામાં ચાર-ચાર ઈંચ વરસાદ પડ્યો છે. શહેરમાં ભારે વરસાદને કારણે અખબારનગર, પરિમલ ગાર્ડન, શાહીબાગ, મકરબા અને મીઠાખળી અંડરપાસ બંધ કરી દેવામાં આવ્યા છે.આ સિવાય કેટલાક બીઆરટીએસ રૂટ પણ બંધ કરવામાં આવ્યા છે. જેમાં આરટીઓ મણિનગર, એસપી રિંગ રોડથી એલડી કોલેજ, રબારી કોલોનીથી આરટીઓ, સાણંદ સર્કલથી સારંગપુર અને આરટીઓ સર્ક્યુલર રૂટ પર બીઆરટીએસ સેવા બંધ કરવામાં આવી છે. તો કેટલીક એએમટીએસ બસ સેવાને ડાયવર્ટ આપવામાં આવ્યું છે.અમદાવાદ શહેરમાં સવારથી પડી રહેલા ભારે વરસાદને કારણે ડીઈઓ દ્વારા શાળાઓમાં જરૂર પડે તો બાળકોને રજા આપી દેવાની સૂચના આપવામાં આવી છે. સીટીએમ વિસ્તારમાં આવેલી ઉદગમ સ્કૂલમાં પાણી ભરાતા વિદ્યાર્થીઓને રજા આપવામાં આવી છે.

અમદાવાદમાં ભારે વરસાદને પગલે વાસણા બેરેજના ૧૪ દરવાજા ખોલવામાં આવ્યા છે. બેરેજમાંથી ૧૭૦૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. બીજીતરફ એકાએક પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારમાં એલર્ટ આપવામાં આવ્યું છે. અમદાવાદમાં વહેલી સવારથી મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. સવારે ૭થી ૯ વાગ્યા દરમિયાન અમદાવાદમાં સરેરાશ બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો હોવાનું સામે આવ્યું છે. ભારે વરસાદના કારણે શહેરના મુખ્ય માર્ગો, નીચાણવાળા વિસ્તારો અને કેટલાક અંડરપાસમાં પાણી ભરાતા વાહનવ્યવહારને પણ અસર થઈ છે.સવારે પડેલા વરસાદમાં સરખેજ અને નવરંગપુરા વિસ્તારમાં સૌથી વધુ ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. બાકરોલ, સરખેજ-જુહાપુરા રોડ, કાલુપુર અને પ્રેમ દરવાજા વિસ્તારમાં સાડા ત્રણ ઈંચની આસપાસ વરસાદ પડ્યો છે.ગોતા, ઓગણજ, રાણીપ, ઉસ્માનપુરા, ન્યુ રાણીપ, પાલડી, જમાલપુર, દુધેશ્વર, માધુપુરા, દિલ્હી દરવાજા, શાહીબાગ અને અસારવા સહિતના વિસ્તારોમાં અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.ચાંદખેડા, સાબરમતી, મોટેરા, સાયન્સ સિટી, બોપલ, ઘુમા, થલતેજ, મેમનગર, સરદારનગર, એરપોર્ટ, લાંભા, વટવા, ઈસનપુર, જશોદાનગર, ગોમતીપુર, રખિયાલ, વિરાટનગર, ઓઢવ, મનમોહન પાર્ક, એસપી રિંગ રોડ અને વસ્ત્રાલ સહિતના વિસ્તારોમાં આશરે બે ઈંચ વરસાદ નોંધાયો છે.

વરસાદની સીધી અસર શહેરના વેજલપુર વિસ્તારમાં જોવા મળી છે. રસ્તાઓ પર પાણી ભરાતા અનેક વાહનો પાણીમાં ફસાયા હતા અને કેટલાક વાહનો બંધ પડી ગયા હતા. સામાન્ય ગણાતા વરસાદમાં પણ રસ્તા પર પાણી ભરાઈ જતાં સ્થાનિકોની મુશ્કેલી વધી છે.પેલેડિયમ મોલથી થલતેજ મેટ્રો સ્ટેશન તરફ જતા માર્ગ પર પણ પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. અહીં અનેક બાઈક અને રિક્ષા પાણીમાં ફસાઈ હોવાના દૃશ્યો સામે આવ્યા છે.

## આઈએએસ તુકારામ મુંધેના નેતૃત્વ હેઠળ એફડીએએ ૧૨ લાખ રૂપિયાનો ગુટખા જપ્ત કર્યો

મુંબઈ

આઈએએસ તુકારામ મુંધેના નેતૃત્વ હેઠળ, મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનએ તહેવારોની મોસમ દરમિયાન ખાદ્ય સલામતી સુનિશ્ચિત કરવા માટે રાજ્યભરમાં એક ખાસ ઝુંબેશ શરૂ કરી છે. આ ઝુંબેશ હેઠળ, નાગપુરમાં ૧૨.૧૦ લાખ રૂપિયાનો પ્રતિબંધિત ગુટખા જપ્ત કરવામાં આવ્યો હતો, અને ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. વધુમાં, મુંબઈ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં ૧૪ હોટલ, રેસ્ટોરન્ટ અને ખાદ્ય મથકોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એફડીએ દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, રાજ્યભરમાં ખાદ્ય ચીજોની ગુણવત્તા અને સલામતી ચકાસવા માટે વ્યાપક કાર્યવાહી કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન, ૨,૮૧૩ કિલોગ્રામ દૂધ અને ડેરી ઉત્પાદનો જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત ૭.૩૮ લાખથી વધુ છે.

એક મોટી કાર્યવાહીમાં, એફડીએએ નાગપુર ડિવિઝનમાં ૧૨.૧૦ લાખનો પ્રતિબંધિત ગુટખાનો સ્ટોક જપ્ત કર્યો. બે વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા અને ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી. એફડીએએ રાજ્યભરમાં ૨૭ હોટલ, રેસ્ટોરન્ટ, ખાણીપીણી અને અન્ય ખાદ્ય સંસ્થાઓનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણો બાદ, ૧૪ સંસ્થાઓના લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૩ સંસ્થાઓને ખાદ્ય સલામતી અને સ્વચ્છતા નિયમોના ઉલ્લંઘન બદલ સુધારણા નોટિસ જારી કરવામાં આવી હતી. એફડીએએ ડેરી ઉત્પાદનો, સોપારી, વિવિધ નાસ્તા અને તાડી સહિત અન્ય ખાદ્ય વસ્તુઓનું પણ નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન, ૪.૬૬ લાખની કિંમતની ૨,૫૮૦.૭ કિલો ખાદ્ય વસ્તુઓ અને ૧૨.૫ લિટર તાડી જપ્ત કરવામાં આવી હતી. મુંબઈમાં, એફડીએએ ખાદ્ય સલામતી અને સ્વચ્છતા ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ સાત સંસ્થાઓ સામે તાત્કાલિક કાર્યવાહી પણ કરી હતી. "સેફ ફૂડ સેફ મહારાષ્ટ્ર" ઝુંબેશ હેઠળ મળેલી ગ્રાહક ફરિયાદના આધારે, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ કોલાબામાં ઓલિમ્પિયા કોફી હાઉસનું ફૂડ લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું.

ચેમ્બુરમાં બ્લિંક કોમર્સ પ્રાઈવેટ લિમિટેડના પરિસરના નિરીક્ષણ દરમિયાન, ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના નિયમોનું ગંભીર ઉલ્લંઘન જોવા મળ્યું હતું. આ પછી, કંપનીનું લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું, અને વધુ કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ઘાટકોપર પશ્ચિમમાં વિશ્વાસ સ્વીટ્સ એન્ડ સ્નેક્સનું લાઈસન્સ પણ ખાદ્ય સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. હ્લહ્વછ એ છ-૧ જનરલ અને ડ્રાય ફ્રુટ્સ સામે પણ કાર્યવાહી કરી હતી, તેનું લાઈસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યું હતું.

મુંબઈ સેન્ટ્રલમાં નાયર હોસ્પિટલ કેન્ટીનમાં નિરીક્ષણ દરમિયાન, સ્વચ્છતા અને ખાદ્ય સલામતીમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. દર્દીઓ અને લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને, કેન્ટીનનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.વરલીમાં મિલન પંજાબ રેસ્ટોરન્ટ સામે અસ્વચ્છ પરિસ્થિતિઓ અને નિયમોના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવામાં આવી હતી અને તેનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. મલાડ પૂર્વમાં સદગુરુ સ્વીટ્સનું લાઈસન્સ પણ ખાદ્ય સલામતી અને સ્વચ્છતાના ધોરણોનું ઉલ્લંઘન કરવા બદલ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું.એફડીએ અધિકારીઓએ જણાવ્યું હતું કે તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને, ખોરાકની ગુણવત્તા, સ્વચ્છતા અને ગ્રાહક સલામતી સુનિશ્ચિત કરવા માટે રાજ્યભરમાં નિરીક્ષણ ચાલુ રહેશે. જાહેર જનતા માટે સલામત અને ગુણવત્તાયુક્ત ખોરાક ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે નિયમોનું ઉલ્લંઘન કરતી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ભારત-પાકિસ્તાની યુદ્ધ જહાજ અથડામણઃ વિદેશ મંત્રાલયે પાકિસ્તાની જહાજનું વર્તન અવ્યાવસાયિક ગણાવ્યું

નવીદિલ્હી

એમઈએ પ્રવક્તા રણધીર જયસ્વાલે પશ્ચિમ અરબી સમુદ્રમાં ભારતીય યુદ્ધ જહાજ આઈએનએસ કોલકાતા અને પાકિસ્તાની નૌકાદળના જહાજ આઈએનએસ હુનૈન વચ્ચે અથડામણ અને લાલ સમુદ્રમાં સુરક્ષા પરિસ્થિતિ અંગે ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે. તેમણે આ ઘટના અંગે પાકિસ્તાનના પ્રતિભાવ અને આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા, તેને તેમની લાંબા સમયથી ચાલતી ચોરીની નીતિનું ચાલુ રાખવાનું ગણાવ્યું.

રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આઈએનએસ કોલકાતા પશ્ચિમ અરબી સમુદ્રમાં નિયમિત પેટ્રોલિંગ પર હતું. આ સમય દરમિયાન, પાકિસ્તાની નૌકાદળના જહાજ આઈએનએસ હુનૈને સમુદ્રમાં અત્યંત બેજવાબદાર અને બિનવ્યાવસાયિક વર્તન દર્શાવ્યું. પાકિસ્તાની જહાજે ખતરનાક રીતે ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો, જેના પરિણામે બંને જહાજો વચ્ચે અથડામણ થઈ.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ કાર્યવાહી એપ્રિલ ૧૯૯૧ના ભારત-પાકિસ્તાન દ્વિપક્ષીય કરારની કલમ ૧૦નું ગંભીર ઉલ્લંઘન છે. લશ્કરી કવાયતો અને સૈનિકોની હિલચાલની આગોતરી સૂચના સાથે સંબંધિત આ કરારમાં બંને દેશોના નૌકાદળના જહાજોને સમુદ્રમાં એકબીજાથી ઓછામાં ઓછું ત્રણ નોટિકલ માઈલનું અંતર જાળવવાની જરૂર છે. વધુમાં, પાકિસ્તાની જહાજે આંતરરાષ્ટ્રીય દરિયાઈ અથડામણ નિવારણ નિયમોનું ઉલ્લંઘન કર્યું.

ભારતે આ ઘટના પર સત્તાવાર વિરોધ નોંધાવ્યો હતો. પ્રવક્તાએ જણાવ્યું હતું કે પાકિસ્તાને અપેક્ષા મુજબ, તેનો સામાન્ય વિલંબિત અભિગમ અપનાવ્યો છે. પાકિસ્તાનને ફરીથી સલાહ આપવામાં આવી છે કે તેઓ આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે અત્યંત સાવધાની રાખે અને કરારોનું પાલન કરે. તેમણે સ્પષ્ટતા કરી કે આઈએનએસ કોલકાતાને અથડામણમાં કોઈ મોટું નુકસાન થયું નથી અને તે સમુદ્રમાં સંપૂર્ણપણે કાર્યરત છે.વિદેશ મંત્રાલયે લાલ સમુદ્ર ક્ષેત્રમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી. પ્રવક્તાએ સાઉદી અરેબિયાના સાર્વભૌમ પ્રદેશ, નાગરિકો અને આર્થિક સંપત્તિ પરના હુમલાઓની સખત નિંદા કરી. તેમણે પવિત્ર શહેર મક્કા પર હુમલાના પ્રયાસ બાદ જારી કરાયેલા ભારતના નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું હતું કે આવા હુમલાઓ પ્રાદેશિક શાંતિ અને સુરક્ષાને નબળી પાડે છે અને બાબ અલ-મંડેબ જળમાર્ગ દ્વારા જહાજોના સુરક્ષિત માર્ગને જોખમમાં મૂકે છે. આને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવતા, તેમણે પ્રદેશમાં શાંતિ અને સ્થિરતાની વહેલી તકે પરત ફરવાની આશા વ્યક્ત કરી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયામાં ગણેશોત્સવની ઉજવણીમાં જોડાયા, ભગવાન ગણેશના આશીર્વાદ મેળવ્યા



અમદાવાદ

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયા વિધાનસભા મતવિસ્તારમાં ગણેશોત્સવની ઉજવણીમાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રીએ મેમનગરના તરુણ નગર-૨ ખાતે ગણેશ પંડાલની મુલાકાત લીધી હતી અને ભગવાન ગણેશના આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે આરતીમાં પણ ભાગ લીધો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગણેશોત્સવ ઉજવણીમાં ભાગ લઈને ભક્તોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે ભવ્ય ગણેશ પંડાલો અને મૂર્તિઓની સ્થાપના માટે કરવામાં આવેલી થીમ્સ, સજાવટ અને વ્યવસ્થાઓની પ્રશંસા કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ગણેશોત્સવમાં તેમના ચિત્રને દર્શાવતી રંગોળી બનાવવામાં આવી હતી અને દીવા પ્રગટાવવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ કલાકૃતિની પ્રશંસા કરી હતી. મુખ્યમંત્રીએ ઉત્સવ દરમિયાન ભગવાન ગણેશના આશીર્વાદ લેવા આવેલા નાગરિકોનું સ્વાગત કર્યું હતું અને બાળકો સાથે ઉષ્માભરી વાતચીત કરી હતી.મુખ્યમંત્રીની મુલાકાત દરમિયાન, અમદાવાદના મેયર હિતેશ બારોટ, શહેર પ્રમુખ પ્રેરક શાહ અને સામાજિક અને રાજકીય નેતાઓ હાજર રહ્યા હતા.

આ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના જગન્નાથ મંદિરમાં મહા આરતીમાં ભાગ લીધો હતો અને ભગવાન જગન્નાથના આશીર્વાદ માંગ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે, બન્ને મહાનુભાવોએ તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે પ્રાર્થના પણ કરી હતી.મોદીના જન્મદિવસ અને જાહેર સેવાના ૨૫ વર્ષ નિમિત્તે અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટ ખાતે 'એક દીપક આશીર્વાદ' કાર્યક્રમ યોજાયો હતો, જ્યાં અમિત શાહ, ભૂપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવોએ 'સેવા સંકલ્પ અભિયાન' ઉજવણીના ભાગરૂપે મા ભારતીની આરતી કરી હતી.

## ધારાસભ્ય અમિત શાહે સાબરમતી નદીમાં પાણીના નિકાલની નિષ્ફળ સિસ્ટમ સામે ભારે રોષ વ્યક્ત કર્યો

અમદાવાદ

અમદાવાદમાં સામાન્ય વરસાદમાં પણ સર્જાતી જળબંબાકારની સ્થિતિને લઈને એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) સામે ભારે રોષ વ્યક્ત કરતા સ્ફોટક નિવેદન આપ્યું છે. તેમણે સીધો આરોપ લગાવ્યો છે કે શહેરના રસ્તાઓ પર પાણી ભરાવા પાછળ એએમસીની બેદરકારી જવાબદાર છે. લાખોના ખર્ચે બનેલી ઈન્ટરસેપ્ટર લાઈન હોવા છતાં સાબરમતી નદીમાં પાણીનો યોગ્ય નિકાલ કેમ થતો નથી, તે અંગે સવાલ ઉઠાવતા તેમણે આ લાઈનને માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન ગણાવી છે. નદીનું જળસ્તર ઘટ્યા પછી પણ લાઈનમાંથી પાણી બહાર ન આવતા વર્ષોથી તેનો મૂળ હેતુ જ સિદ્ધ થયો નથી. આ ગંભીર મુદ્દે ધારાસભ્યએ મેયર અને ચીફ ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓને સ્થળ પર બોલાવીને રૂબરૂ હકીકત બતાવી હતી તેમજ છસ્ઝ્રની બેઠકમાં પણ આકરી રજૂઆત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આવી તમામ ટેકનિકલ ખામીઓ સત્વરે દૂર કરવાની જવાબદારી કોર્પોરેશનના અધિકારીઓની છે.

આ મુદ્દે ધારાસભ્ય અમિત શાહે પોતે સ્થળ પર જઈને તપાસ કરી હતી. તેઓ સીટી એન્જિનિયર અને મેયર હિતેશ બારોટને સાથે રાખીને રિવરફ્રન્ટની પૂર્વ બાજુ સતત ચાલીને રિવર ઓપનિંગ્સનું નિરીક્ષણ કર્યું હતું. આંબેડકર બ્રિજથી સરદાર બ્રિજ વચ્ચે આવેલા ૧૦ જેટલા રિવર ઓપનિંગમાંથી ક્યાંય પણ રસ્તાઓ પર ભરાયેલું પાણી નદીમાં પડતું દેખાયું નહોતું. નદીનું લેવલ ઘટાડવામાં આવ્યું હોવા છતાં અને બહાર ૧ થી ૨ ફૂટ પાણી ભરાયેલું હોવા છતાં ઈન્ટરસેપ્ટર લાઈનમાંથી પાણી નદીમાં આવતું જ નહોતું. આ હકીકત જોઈને મેયર અને ચીફ ઈજનેરે પણ સ્થળ પર કબૂલવું પડ્યું હતું કે સિસ્ટમ કામ નથી કરી રહી.

અમિત શાહે તીખા પ્રહારો કરતા જણાવ્યું કે નદીના બંને છેડે કરોડોના ખર્ચે ઈન્ટરસેપ્ટર લાઈન નાખવામાં આવી છે, છતાં તેનો મૂળ હેતુ સિદ્ધ થઈ રહ્યો નથી. જો લાઈનમાંથી પાણી જ બહાર ન આવે તો રસ્તાઓ પરથી પાણીનો નિકાલ કેવી રીતે થાય? તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે તકનીકી ક્ષતિઓ અને ખામીઓ શોધવાની જવાબદારી શું માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓની જ છે? અગાઉ છસ્ઝ્ર સંકલન બેઠકમાં પણ પ્રેઝન્ટેશન આપીને આકરી રજૂઆત કરી હોવા છતાં અધિકારીઓ દ્વારા કોઈ જ તપાસ કરવામાં આવી નહોતી.

પૂર્વ મેયર અમિત શાહે જણાવ્યું કે તેઓ રિવરફ્રન્ટ પ્રોજેક્ટના સ્થાપક ડાયરેક્ટર રહી ચૂક્યા છે અને તેમની પાસે ૨૫ વર્ષ (૫ ટર્મ) નો ફિલ્ડ અનુભવ છે. આ ટેકનિકલ કારણો અને ખામીઓ દૂર કરવાની સીધી જવાબદારી અધિકારીઓની છે. આટલી આધુનિક લાઈન હોવા છતાં જો વર્ષોથી તેનો ઉપયોગ ન થતો હોય તો જવાબદારો સામે કાર્યવાહી થવી જરૂરી છે.

જ્યારે પણ મેઘરાજા મન મૂકીને વરસે છે, ત્યારે અમદાવાદની ભવ્યતા ક્ષણવારમાં ધોવાઈ જાય છે. રાજ્યના વડા ખુદ રોડ પર ઊતરીને સૂચનાઓ આપે તે પછી પણ જો પરિસ્થિતિ જસની તસ રહેતી હોય, તો એ બાબુશાહીની ઘોર બેદરકારી દર્શાવે છે. થોડા દિવસો અગાઉ બોપલ-ઘુમામાં મુખ્યમંત્રીની મુલાકાત બાદ લોકોને આશા હતી કે સ્થાયી ઉકેલ આવશે, પરંતુ એસજી હાઈવેથી લઈને પ્રહલાદનગર સુધીના વિસ્તારો ફરીથી જળમગ્ન થતાં નાગરિકોમાં ઉગ્ર અસંતોષ વ્યાપ્યો છે. વહીવટી તંત્રની આ નિષ્ફળતા હવે માત્ર આયોજનની ખામી નથી રહી, પરંતુ પ્રજાના વિશ્વાસ પર પ્રહાર સમાન બની ગઈ છે.


**મુદત વધારો-૧, જાહેર નિવિદા નં.૧ સને ૨૦૨૬-૨૭ :-**
**નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,**
**માર્ગ અને મકાન પેટાવિભાગ(પંચાયત),બાલાસિનોર અમદાવાદી ઢાળ, વિશ્રામગૃહની બાજુમાં, બાલાસિનોર - ૩૮૮૨૫૫**

અત્રેની કચેરીના પત્ર નં.જા.નં/પી.બી./વશી/૩૯૦/૨૦૨૬ તા.૦૨/૦૯/૨૦૨૬ અન્વયે પ્રસિદ્ધ કરેલ છે. જે વિગતવાર નિવિદામાં નીચે મુજબ મુદત વધારો વાંચવો અન્ય શરતો યથાવત રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : | તા.૨૪/૦૯/૨૦૨૬ |
| ટેન્ડર પરત લેવાની છેલ્લી તારીખ : | તા.૨૫/૦૯/૨૦૨૬ |

(માહિતી/ગોધરા/૪૯૯/૨૬)


## ભાદરવી પૂનમ મેળા માટે રેલવેની મોટી સુવિધા, અસારવા-ખેડબ્રહ્મા વચ્ચે ૧૩ દિવસ સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ

ખેડબ્રહ્મામાં યોજાનારા ભાદરવી પૂનમના મેળાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મેળા દરમિયાન વધતી મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચે અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી દરરોજ દોડશે.

ટ્રેન નંબર ૦૯૪૦૫ અસારવા-ખેડબ્રહ્મા સ્પેશિયલ અસારવા સ્ટેશનથી દરરોજ સવારે ૯:૩૫ કલાકે રવાના થશે અને બપોરે ૧૨:૧૦ કલાકે ખેડબ્રહ્મા પહોંચશે.પરત ફરતી ટ્રેન નંબર ૦૯૪૦૬ ખેડબ્રહ્મા-અસારવા સ્પેશિયલ ખેડબ્રહ્માથી બપોરે ૩:૩૫ કલાકે ઉપડશે અને સાંજે ૬:૧૦ કલાકે અસારવા પહોંચશે.

અસારવા અને ખેડબ્રહ્મા વચ્ચેની આ વિશેષ ટ્રેન બંને દિશામાં નરોડા, હિંમતનગર અને વડાલી સ્ટેશનો પર રોકાશે. જેના કારણે આ વિસ્તારોમાંથી મેળામાં જવા માંગતા મુસાફરોને પણ સુવિધા મળશે.પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, આ વિશેષ ટ્રેન ૦૮ કોચની સ્ઈસ્ેંરેક સાથે દોડાવવામાં આવશે. ટ્રેનમાં અનારક્ષિત દ્વિતીય શ્રેણીના કોચ રહેશે. એટલે મુસાફરોને અગાઉથી આરક્ષણ કરાવવાની જરૂર રહેશે નહીં




ભાદરવી પૂનમના મેળા દરમિયાન મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા આ સેવા શરૂ કરવામાં આવી છે. ૧૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી દરરોજ ટ્રેન ઉપલબ્ધ રહેશે.ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની રચના અંગેની વધુ માહિતી મુસાફરો ભારતીય રેલવેની પૂછપરછ સેવા પરથી મેળવી શકશે. મુસાફરોએ મુસાફરી પહેલાં ટ્રેનના સમયની પુષ્ટિ કરી લેવી સલાહભર્યું રહેશે.

# ૯ કલાકમાં ૫૫ મીમી વરસાદથી ખેડૂતોમાં જીવ આવ્યો, પરંતુ શહેરમાં પાલિકાની બેદરકારી છતી

**સંતરામપુર પંથકમાં મેઘરાજાની એન્ટ્રીથી ખેડૂતોમાં રાહત, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા નગરજનો પ રેશાન.**

સંતરામપુર, લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા સંતરામપુર પંથકમાં આખરે મેઘરાજાએ મહેર કરી હતી. આજે નવ કલાકના સમયગાળામાં ૫૫ મીમી વરસાદ નોંધાતા ખેડૂતોના જીવમાં જીવ આવ્યો હતો. વરસાદ ખેંચાતા ચિંતામાં મુકાયેલા ખેડૂતોના પાકને વરસાદથી રાહત મળવાની આશા જાગી છે. જોકે, ખેડૂતો હજુ પણ સારા અને સતત વરસાદની અપેક્ષા રાખી રહ્યા છે.

એક તરફ વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી તો બીજી તરફ સંતરામપુર શહેરમાં પાલિકાની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાની પોલ ખુલી ગઈ હતી. વરસાદ શરૂ થતાં જ શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં જાણે તળાવ ભરાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

સરદારનગરથી શિકારી ફળિયા સુધી પાણી જ પાણી શહેરના સરદારનગર સોસાયટી, કોલેજ રોડ વિસ્તાર, વાડી વિસ્તાર, શિકારી વિસ્તાર સહિતની અનેક સોસાયટીઓ અને નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. ક્યાંક રસ્તાઓ પર પાણીના ખાબોચિયાં સર્જાયા તો ક્યાંક લોકોના ઘર અને દુકાનોની આસપાસ પાણી ભરાતા અવરજવરમાં મુશ્કેલી ઊભી થઈ હતી.

સ્થાનિક નગરજનોનો આક્ષેપ છે કે, દર વર્ષે ચોમાસા દરમિયાન પાણી ભરાવાની



સમસ્યા સર્જાય છે, તેમ છતાં વરસાદી પાણીના નિકાલ માટે કાયમી અને યોગ્ય આયોજન કરવામાં આવતું નથી. પરિણામે થોડા કલાકના વરસાદમાં જ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ જાય છે.વરસાદ રાહત લાવ્યો, પણ પાલિકાની કામગીરી સામે સવાલો ઊભા કર્યા લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આજનો વરસાદ આશાસ્પદ રહ્યો છે. પરંતુ શહેરમાં પાણી ભરાવાની સ્થિતિએ નગરપાલિકાની ચોમાસા પૂર્વેની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે.

નગરજનોનું કહેવું છે કે, વરસાદ પહેલાં ગટર, વરસાદી પાણીની લાઈનો અને નાળાની સફાઈ તથા પાણીના ઝડપી નિકાલ માટે યોગ્ય આયોજન કરવામાં આવે તો સામાન્ય વરસાદમાં પણ શહેરમાં તળાવ જેવી સ્થિતિ ઊભી ન થાય.

હવે વરસાદે દસ્તક આપી દીધી છે. ત્યારે નગરજનોની માંગ છે કે, પાલિકા માત્ર કાગળ પરની કામગીરીને બદલે શહેરના પાણી ભરાતા વિસ્તારોનું સ્થળ નિરીક્ષણ કરી કાયમી નિકાલની વ્યવસ્થા ઉભી કરે, જેથી આગામી વરસાદમાં લોકોને ફરી હાલાકીનો સામનો ન કરવો પડે. ખેડૂતો માટે આજનો વરસાદ આશાની કિરણ બન્યો છે, પરંતુ શહેરમાં ભરાયેલા વરસાદી પાણી પાલિકા માટે ચેતવણી સમાન બન્યા છે.

# છોટા ઉદેપુર જીલ્લામાં છુટોછવાયો ધોધમાર વરસાદથી પાવી જેતપુર અને બોડેલીના ખેડૂતો ખુશ



છોટાઉદેપુર, છોટા ઉદેપુર જીલ્લામાં વહેલી સવારથી વાતાવરણ બદલાયું છે. વાદળછાયા વાતાવરણ બાદ જીલ્લાના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો ધોધમાર વરસાદ વરસ્યો છે.

પાવી જેતપુર અને બોડેલી ખાતે વહેલી સવારથી કાળા વાદળો છવાયા હતા. ત્યારબાદ આ વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. આ વરસાદ ખેતી માટે સારો હોવાથી ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ખેતીલાયક વરસાદ વરસતા ખેડૂતોના પાકને જીવતદાન મળ્યું છે. આનાથી ખેડૂતોને તેમના પાકને લઈને રાહત મળી છે.

# મહીસાગર જીલ્લામાં રોડ પર વધારે ડામરથી રોડ લીસો બનતા બસ સ્લીપ થઈ દુર્ઘટના ટળી



મહિસાગર, મહીસાગર જીલ્લામાં અમદાવાદથી ફતેપુરા જઈ રહેલી એક એસ.ટી. બસને અકસ્માત નડ્યો હતો. આ ઘટના માળિયા બસ સ્ટેન્ડ નજીક બની હતી. બસ રોડ પર વધુ ડામર પાથરવામાં આવતા લીસા બનેલા માર્ગ પર સ્લીપ થઈને સાઈડમાં ઉતરી ગઈ હતી.

જોકે, બસ ચાલકની સમયસૂચકતા અને સાવચેતીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. બસમાં સવાર તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો અને કોઈને ઈજા થઈ નહોતી.

બસના ડ્રાઈવરે જણાવ્યું કે, આ રોડ પર એટલો ડામર પાથરવામાં આવ્યો છે કે વાહનચાલક બ્રેક લગાવે ત્યારે વાહન યોગ્ય રીતે અટકતું નથી. તેના બદલે વાહન એક તરફ ખેંચાઈ જવાની સ્થિતિ સર્જાય છે.

ડ્રાઈવરે પોતાની રીતે બસને કાબૂમાં લેવાનો ઘણો પ્રયાસ કર્યો હતો. તેમના પ્રયાસને કારણે બસ રોડની સાઈડમાં ઉતરી ગઈ, પરંતુ મુસાફરો સુરક્ષિત રહ્યા.

ડ્રાઈવરના જણાવ્યા મુજબ, માળિયા ગામના બસ સ્ટેન્ડથી આશરે એક કિલોમીટરના વિસ્તારમાં આર.એન.બી. વિભાગ દ્વારા ડામર પાથરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં અગાઉ પણ વાહનો સ્લીપ થવાની ઘટનાઓ બની હોવાનું કહેવાય છે.રસ્તા પર વાહનો બ્રેક મારતા સ્લીપ થવાની સ્થિતિ સર્જાતા વાહનચાલકો અને મુસાફરોની સુરક્ષા સામે સવાલો ઉભા થયા છે. સ્થાનિક લોકોની માંગ છે કે માર્ગની સ્થિતિની તાત્કાલિક તપાસ કરવામાં આવે. જરૂરી કામગીરી કરીને રોડને સલામત બનાવવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ટાળી શકાય.

# લુણાવાડામાં વરસાદ વચ્ચે અંબાજીના પદયાત્રીઓ ઉત્સાહમાં : ગરમીથી રાહત મળી



લુણાવાડા, મહીસાગર જીલ્લાના લુણાવાડા શહેરમાં વહેલી સવારથી ઝરમર વરસાદ વરસી રહ્યો છે. આ વરસાદી માહોલ વચ્ચે અંબાજી તરફ રથ અને પગપાળા જતા પદયાત્રીઓ વરસાદની મજા માણતા પોતાની યાત્રા આગળ વધારી રહ્યા છે.

ભાદરવા મહિનામાં સામાન્ય રીતે ખૂબ ગરમી હોય છે, ત્યારે હાલ વરસાદના કારણે વાતાવરણ ઠંડું બન્યું છે. આ ઠંડા વાતાવરણથી અંબાજી તરફ પગપાળા નીકળેલા પદયાત્રીઓને ગરમીમાંથી ઘણી રાહત મળી છે.

વરસાદ વચ્ચે પણ પદયાત્રીઓમાં યાત્રાને લઈને ઉત્સાહ દેખાઈ રહ્યો છે. રસ્તાઓ પર વરસાદ વચ્ચે જય અંબેના જયઘોષ સાથે શ્રદ્ધાળુઓ પોતાની યાત્રા આગળ વધારી રહ્યા છે.

મહીસાગર જીલ્લામાં અલગ અલગ માર્ગો પરથી રોજના હજારોની સંખ્યામાં માઈ ભક્તો રથ અને ધજા લઈને પદયાત્રા કરી રહ્યા છે.

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના દાભડા તળાવ ફળિયાના અંબાજી જઈ રહેલા માઈ ભક્તોએ વાત કરતા કહ્યું કે, તેઓ છેલ્લા ૧૫ વર્ષથી અંબાજી જાય છે. આ વર્ષે ઝરમર વરસાદ વરસી રહ્યો છે, જેથી વાતાવરણમાં ઠંડક છે અને પદયાત્રામાં ખૂબ મજા આવી રહી છે.

અંબાજી જવાના માર્ગો પર ઠેર ઠેર સેવા કેમ્પ અને વિસામા છે, જેથી તેમને રસ્તામાં કોઈ મુશ્કેલી નથી પડતી અને બધી સુવિધાઓ મળી રહે છે. તેમને અંબાજી પ્રત્યે ખૂબ શ્રદ્ધા છે અને આ શ્રદ્ધા સાથે તેઓ દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં અંબાજી ચાલીને જાય છે. તેમનું ૫૫ ભક્તોનું જૂથ છે અને આજે તેમની પદયાત્રાનો ત્રીજો દિવસ છે.

# મેઘલિયાથી અંબાજી પગપાળા સંઘનું પ્રસ્થાન

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાના મેઘલિયા ગામેથી જય અંબે યુવક મંડળના માઈભક્તો દ્વારા અંબાજી ખાતે યોજાનારી પગપાળા યાત્રા માટે સંઘનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે માઈભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ પગપાળા સંઘને બાલાસિનોરના પૂર્વ ધારાસભ્ય તથા અમૂલ ડેરીના ડિરેક્ટર રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠકે પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે તેમણે મા અંબાના દર્શન કરી માતાજીના આશીર્વાદ લીધા હતા તેમજ માઈભક્તોને યાત્રા માટે શુભકામનાઓ પાઠવી હતી.

પ્રસ્થાન પ્રસંગે મહીસાગર જીલ્લા કિસાન મોરચાના પૂર્વ પ્રમુખ દિનેશભાઈ પટેલ તથા આગેવાન પ્રધાનસિંહ ચૌહાણ સહિતના આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

માઈભક્તોએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે અંબાજી તરફ પગપાળા પ્રયાણ કર્યું હતું. મા અંબે તમામ માઈભક્તોની યાત્રા મંગલમય અને સુખદ બનાવે તથા સૌની મનોકામનાઓ પૂર્ણ કરે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

# ગોજપુર ફાટક પાસે વીજ કરંટથી ગાયનું મોત!:GEB એ તપાસ શરૂ કરી, ડખ રિપોર્ટ બાદ વળતરની ખાતરી આપી



સંખેડા, સંખેડા તાલુકાના ગોજપુર ફાટક પાસે એક ગાયને વીજ કરંટ લાગતા તેનું મોત થયું છે. વીજ થાંભલા પાસે ચરી રહેલી ગાયને કરંટ લાગ્યો હતો. આ મામલે GEB એ તપાસ શરૂ કરી છે અને ડખ રિપોર્ટ આવ્યા બાદ વળતર આપવાની ખાતરી આપી છે.

ઉકાભાઈ ગોકળભાઈ ભરવાડની ગાય ગોજપુર ફાટક પાસે ચરી રહી હતી. ચરતા ચરતા ગાય અચાનક વીજળીના થાંભલા પાસે પહોંચી હતી. ત્યાં તેને જોરદાર કરંટ લાગ્યો. કરંટ લાગ્યા બાદ ગાય થાંભલાથી લગભગ ચાર ફૂટ દૂર પડી હતી. તેનું ત્યાં જ મોત થયું હતું.

આ ઘટનાની જાણ સ્થાનિક નાગરિક મહેશભાઈ રબારીએ તરત જ GEB સંખેડાને કરી. જાણ થતા જ GEBના કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચ્યા. તેમણે આ મામલે પંચનામું કર્યું અને તપાસ શરૂ કરી.

GEB સંખેડાના ડેપ્યુટી એન્જિનિયર ઋષભ કુમાર શાહે જણાવ્યું કે, “મહેશભાઈ રબારીએ અમને જાણ કરી કે ઉકાભાઈ ભરવાડની ગાયને થાંભલા પાસે કરંટ લાગ્યો છે. અમે સ્થળ પર જઈને પંચનામું કર્યું છે.”

તેમણે વધુમાં કહ્યું કે, ગાયના PM રિપોર્ટ આવ્યા બાદ જ તેના મોતનું સાચું કારણ જાણી શકાશે. જો ડખ રિપોર્ટમાં ગાયનું મૃત્યુ કરંટ લાગવાથી થયું હોવાનું સાબિત થશે, તો ગાયના માલિકને નિયમ મુજબ યોગ્ય વળતર ચૂકવવામાં આવશે. હાલ GEB દ્વારા થાંભલામાં અર્થિંગ લીકેજ કે અન્ય કોઈ ખામીને કારણે કરંટ આવ્યો હતો કે કેમ, તે અંગે તપાસ ચાલી રહી છે.

# અંબાજી જતા પદયાત્રીઓની રાત્રિ સુરક્ષા માટે મહીસાગર ARTO કચેરીનો સંવેદનશીલ અભિગમઃ રેડિયમ સ્ટિક, સેફ્ટી જેકેટ અને નાઈટ ગ્લોઈંગ બેન્ડનું વિતરણ



લુણાવાડા, ભાદરવી પૂનમના મહામેળા નિમિત્તે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી તરફ શ્રદ્ધાભેર પગપાળા જઈ રહેલા માઈભક્તોની રાત્રિ સુરક્ષાને ધ્યાને રાખી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (ARTO) કચેરી, મહીસાગર દ્વારા સંવેદનશીલ અભિગમ સાથે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

સુરક્ષિત પદયાત્રા, સુરક્ષિત યાત્રા માર્ગ સલામતી સૌની જવાબદારીના ઉમદા મંત્ર સાથે જીલ્લા માંથી પસાર થતા માર્ગો પર પદયાત્રીઓને રાત્રિના અંધકારમાં વાહન અકસ્માતથી બચાવવા માટે રેડિયમ સ્ટિક, રેડિયમ રિફ્લેક્ટર, સેફ્ટી જેકેટ તથા નાઈટ ગ્લોઈંગ રિસ્ટ બેન્ડનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાધનોના ઉપયોગથી રાત્રિ દરમિયાન દૂરથી આવતા વાહનચાલકોને પદયાત્રીઓ સ્પષ્ટપણે દ્રશ્યમાન થાય છે, જેથી અકસ્માતનો ભય નિવારી શકાય છે.

આ પહેલ અંતર્ગત ARTO કચેરીની ટીમ દ્વારા પદયાત્રીઓ અને સેવા સંઘોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપતાં જણાવવામાં આવ્યું હતું કે, યાત્રિકોએ રાત્રિના સમયે ચાલતી વખતે હંમેશાં માર્ગની નિર્ધારિત સાઈડ જાળવી રાખવી, હાથમાં કે સામાન પર રેડિયમ સ્ટિક અને ગ્લોઈંગ બેન્ડ પહેરી રાખવા તેમજ ટોળામાં અસ્તવ્યસ્ત ચાલવાને બદલે શિસ્તબદ્ધ રીતે આગળ વધવું જોઈએ. સાથોસાથ આ માર્ગો પરથી પસાર થતા તમામ વાહનચાલકો પણ ગતિ મર્યાદા જાળવી પદયાત્રીઓની સુરક્ષા પ્રત્યે સભાન રહે તેવી અપીલ કરવામાં આવી હતી. વહીવટી તંત્રની આ તકેદારી અને સુરક્ષાલક્ષી વ્યવસ્થા બદલ પદયાત્રીઓ તથા સેવાભાવી અગ્રણીઓએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## આપની આજ.......

મેષ: આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે. પુણ્ય પર પણ પૈસા ખર્ચ થશે.

વૃષભ: આજે સ્થિતિ બરાબર રહેશે. ધંધાની સ્થિતિમાં પણ સુધારો થઈ રહ્યો છે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુન: આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. ઓફિસમાં અધિકારીઓ આજે તમારી દરેક શક્ય સહાય કરશે. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્ક: સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. પારિવારિક વાતાવરણ પણ રોગગ્રસ્ત રહેશે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહ: તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે, પરંતુ કાર્યસ્થળની ધીમી ગતિને કારણે માનસિક તણાવ ઊભો થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલા: આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.આર્થિક રીતે દિવસ મુશ્કેલ રહેશે.

વૃશ્ચિક: વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો. બપોરે પછીનો સમય અન્ય કાર્યોમાં સમય પસાર થશે.

ધન: આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.

મકર: દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આમાં મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરવાનું વધુ સારું રહેશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

કુંભ: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો. કેટલાક સારા સમાચાર મળવાથી નિરાશા પણ સમાપ્ત થશે.

મીન: આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૫૧/૨૦૨૬ તા.૧૩/૦૮/૨૦૨૬
અરજદારઃભાભોર ગનાભાઈ રતનાભાઈરહે. જાંબુઆ,તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, જાંબુઆ, તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર ગનાભાઈ રતનાભાઈ ના પુત્ર ભાભોર રવિલભાઈ ગનાભાઈનો જન્મ તા.૧૪/૦૪/૨૦૦૮ નારોજ મોજે.ગામ.જાંબુઆ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્ર નો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,જાંબુઆ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર નો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૩/૦૮/૨૦૨૬ સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૭૫૭/૨૦૨૬ તા.૨૦ /૦૭/૨૦૨૬
અરજદારઃભાભોર નટુભાઈ રતનાભાઈ રહે. જાંબુઆ તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, જાંબુઆ, તા.ગરબાડા, જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર નટુભાઈ રતનાભાઈના પુત્ર/પુત્રી નામે (૧) ભાભોર સુનિલભાઈ નટુભાઈનો જન્મ તા. ૧૭/૧૦/૨૦૦૭ના રોજ ગામ.જાંબુઆ, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે (૨) ભાભોર નિતલબેન નટુભાઈનો જન્મ તા.૦૩/૦૧/૨૦૦૬ના રોજ ગામ.જાંબુઆ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્ર/પુત્રીના જન્મના થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,જાંબુઆ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્ર/પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૨૦ /૦૭/૨૦૨૬ સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૧૩૩/૨૦૨૬ તા.૧૪/૦૯/૨૦૨૬
અરજદારઃગણાવા વર્ષાબેન કમલેશભાઈ રહે.પાટીયા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,પાટીયા,તા.ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ગણાવા વર્ષાબેન કમલેશભાઈના પતિ નામે ગણાવા કમલેશભાઈ નગાભાઈનું મરણ તા. ૨૫/૦૪/૨૦૨૫ના રોજ ગામ.પાટીયા, તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પતિના મરણનો થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,પાટીયા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પતિના મરણ ના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૪/૦૯/૨૦૨૬ સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૮૨૩/૨૦૨૬ તા.૧૮/૦૯/૨૦૨૬
અરજદારઃકાંજીયા ભીમજીભાઈ ગોકળભાઈ રહે.અભલોડ, તા. ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,અભલોડ,તા.ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી કાંજીયા ભીમજીભાઈ ગોકળભાઈ ના પુત્ર કાંજીયા હિતેશભાઈ ભીમજીભાઈનો જન્મ તા.૦૩/૦૬/૨૦૦૫નારોજ ગામ.અભલોડ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રનો જન્મનો થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,અભલોડ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૮/૦૯/૨૦૨૬ સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**
કેસ નંબરઃ– ૮૨૧/૨૦૨૬ તા.૧૮/૦૯/૨૦૨૬
અરજદારઃ શેખ સમીરહુસેન ઈકબાલહુસેન રહે.ગરબાડા, તા.ગરબાડા, જિ.દાહોદ
વિરુધ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી,ગરબાડા,તા.ગરબાડા,જિ.દાહોદ
જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારથી શેખ સમીરહુસેન ઈકબાલહુસેન નો જન્મ તા.૧૨/૦૮/૧૯૮૬ના રોજ ગામ.ગરબાડા,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના નો જન્મ થયેલ ત્યારે માતા-પિતા દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ગરબાડા,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પોતાના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
તારીખ :૧૮/૦૯/૨૦૨૬ સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ મામલતદાર ગરબાડા

# વન વિભાગની ટીમને જોઈ બાઈક લઈ ભાગી રહેલા લાકડા ચોરોનો સરકારી વાહનથી ફિલ્મી ઢબે પીછો કરાયો

**દેવગઢ બારીયા ના મંદિર પાસે બાઈક, લાકડા કાપવાનું ચેઈન શો મશીન મૂકી અંધારાનો લાભ લઈ લાકડાચોરો ફરાર.**

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના ઉચવણ ગામના જંગલમાં પુષ્પાસ સ્ટાઈલમાં ખેરના લાકડાની ચોરી કરવા આવેલ લાકડા ચોર ટોળકીનો લાકડા ચોરીનો પ્રયાસ વન વિભાગની ટીમની સક્રિયતાને કારણે નિષ્ફળ બનતા લાકડા ચોરો ધરપકડથી બચવા પોતાની બાઈક લઈને ભાગતા વન વિભાગની ટીમે તેઓનો સરકારી વાહન દ્વારા ફિલ્મી ઢબે પીછો કરતા લાકડાચોર ટોળકી દેવગઢ બારિયાના મંદિર પાસે તેમની હીરો બાઈક તેમજ ઝાડ કાપવાનું ચેઈન સો મશીન મૂકી અંધારાનો લાભ લઈ નાસી ગયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

જાણવા મળ્યા મુજબ રાત્રિના સમયે દેવગઢબારિયા વનવિભાગની ટીમે દેવગઢબારિયા તાલુકાના ઉચવણ ગામના જંગલમાં થી લાકડા ચોર ટોળકી સરકારી લાકડા ચોરી ન જાય તે માટે રાત્રી પેટ્રોલિંગ વધુ સઘન બનાવી છે. તેવા સમયે રાત્રિના સમયે લાકડા ચોર ટોળકીએ દેવગઢ બારીયાના ગામના જંગલમાં પુષ્પા સ્ટાઈલમાં લાકડા ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. અને ખેરના ઝાડ ચેઈન શો મશીનથી કાપી રહ્યા હતા. તે વખતે ઝાડ કાપવાનો અવાજ આવતાં રાત્રી પેટ્રોલિંગ કરી રહેલ વનવિભાગની ટીમ અવાજની દિશામાં આગળ વધી હતી. તે વખતે વન વિભાગની ટીમને જોઈ લાકડા ચોર ટોળકી પોતાની બાઈક તેમજ લાકડા કાપવાના સાધન લઈને ભાગી હતી. જેથી વન વિભાગની ટીમે બાઈક ચોર ટોળકીનો સરકારી વાહન મારફતે ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. જેથી પકડાઈ જવાના ડરથી લાકડા ચોર ટોળકી પોતાની હીરો બાઈક તથા ઝાડ કાપવાનું ચેઈન સો મશીન દેવગઢ બારીયા મંદિર પાસે મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. આમ વનવિભાગની ટીમની સક્રિયતાને કારણે પુષ્પા સ્ટાઈલમાં ખેરના લાકડાની ચોરી કરવા આવેલ લાકડા ચોર ટોળકીનો લાકડું ચોરીનો પ્રયાસ નિષ્ફળ બન્યો હતો.

વનવિભાગની ટીમે સક્રિયતા દાખવી ઉંચવણ ગામના જંગલમાં પુષ્પા સ્ટાઈલમાં ખેરના ઝાડ કાપી તેના લાકડા ચોરવા આવેલ લાકડાચોર ટોળકીનો લાકડા ચોરીનો પ્રયાસનિષ્ફળ તો જરૂર બનાવ્યો. સાથે સાથે લાકડા ચોરવા આવેલ લાકડાચોર ટોળકીની બાઈક પણ પકડી છ તે બાઈકના ચેસીસ નંબર પરથી પોકેટ કોપ ની મદદ થી તે બાઈકના માલિકની સંપૂર્ણ ઓળખ મેળવી શકાતી હોય છે. તેમ છતાં હજી સુધી તે બાઈકના માલિકની ધરપકડ કરવામાં આવી નથી. વન વિભાગની ટીમ ધારે તો તે બાઈકના માલિકને ગણતરીના કલાકોમાં જ પકડી શકે તેમ હોવા છતાં વન વિભાગ દ્વારા બાઈકના માલિકને પકડવામાં કરાતા ઠાગાઠયા ઘણું બધું કહી જાય છે. વનવિભાગની ટીમે સ્થળતપાસ હાથ ધરતાં સ્થળ પરથી તપાસ દરમિયાન ખેરના ઠુંઠ નંગ–૪ મળી આવ્યા હતા. સાથે સાથે સ્થળ પરથી ખેરના લાકડાના ટુકડા નંગ–૧૯ એટલે કે ૦.૯૭૪ ઘન મીટર લાકડાનો જથ્થો મળી આવ્યો હતો જે કબજે લીધો હતો. આમ વન વિભાગની ટીમે સક્રિયતા દાખવી લાકડા ચોરીનો પરદાફાશ કર્યો હતો. અને ફરાર લાકડા ચોર ટોળકીની શોધખોળ દ્વારા ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે. વનવિભાગની સક્રિયતા ને કારણે લાકડા ચોરોની સક્રિય ટોળકીઓમાં ભારે ફફડાટ ફેલાવા પામ્યો છે.

# લીમડીમાં ગેસ સિલિન્ડર ડિલિવરીના નામે રૂા.૧,૦૩૦ની વસૂલાતનો આક્ષેપ, રૂા.૯૬૯ના ભાવ સામે રૂા.૬૧ વધુ માંગતા સવાલો



દાહોદ,

દાહોદ જીલ્લાના ગોવિંદ ગુરૂ લીમડી તાલુકામાં ગેસ સિલિન્ડરની હોમ ડિલિવરી દરમિયાન ગ્રાહકો પાસેથી બુકિંગ કિંમત કરતાં વધુ રકમ વસૂલવામાં આવતી હોવાના આક્ષેપથી ચર્ચા જગાઈ છે.

મળતી માહિતી મુજબ, નાગર ઈન્ડિયન ડિસ્ટ્રીબ્યુટર, ઝાલોદની ગેસ ડિલિવરી ગાડી લીમડી ખાતે સિલિન્ડર પહોંચાડવા આવી હતી. તે દરમિયાન સિલિન્ડરની બુકિંગ ૯૬૯ રૂા. હોવા છતાં ૧૦૩૦ રૂા. લેવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ગ્રાહકે વધારાની રકમ અંગે ડિલિવરી કર્મચારીને સવાલ કરતાં ૬૦ ડિલિવરી ચાર્જ હોવાનું જણાવાયું હોવાનું સામે આવ્યું છે. જોકે, વધારાની રકમ માટે પાકું બિલ કે રસીદ માંગવામાં આવતા સંતોષકારક જવાબ ન મળ્યો હોવાનો આક્ષેપ છે.

આ સમગ્ર ઘટનાને પગલે સવાલો ઉઠી રહ્યા છે કે, ડિલિવરી ચાર્જની સત્તાવાર જોગવાઈ શું છે અને ગ્રાહકોને વધારાની રકમની યોગ્ય રસીદ કેમ આપવામાં આવતી નથી? જે વસૂલાત નિયમ મુજબ હોય તો તેની સ્પષ્ટતા થવી જરૂરી છે. ડિલિવરી ગાડીનો નંબર GJ-20-4419 જાણવા મળ્યું છે. સમગ્ર ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. મામલે દાહોદ જીલ્લા પુરવઠા અધિકારી (DSO)ને ટેલિફોનિક જાણ કરવામાં આવી હોવાનું જણાવાયું છે.ગ્રાહકો દ્વારા સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરી, વધારાની વસૂલાત અને બિલ–રસીદની વ્યવસ્થા અંગે તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે

# તીર્થ જળસેવા મંડળ પેથાપુર દ્વારા પગપાળા જતા માઈભક્તોની સેવા એટલે ‘‘જળસેવા’’

(તીર્થ જળસેવા મંડળ પેથાપુર તરફથી પેથાપુરથી અંબાજી જતા પગદંડી શ્રદ્ધાળુઓને પાણીની બોટલ આપી સેવા કરતા નજરે પડે છે)



લીમડી,

લીમડીના પેથાપુર ગામમાં તીર્થ જળસેવા મંડળ દ્વારા શરૂ કરેલ જળ સેવા ચોથા વર્ષમાં મંગળ પ્રવેશ સાથે ’’તીર્થ જળસેવા મંડળના’’ બેનર હેઠળ પગપાળા જતા શ્રદ્ધાળુઓને પાણીની બોટલ આપી અનોખી સેવા કરતા જોવા મળી રહ્યા છે કોઈક વિસામો થકી કોઈક પગપાળા જતા શ્રદ્ધાળુઓને જળ સેવા રથ દ્વારા સેવા કરતા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે

ભાદરવા માસમાં દાહોદ જીલ્લાના તેમજ રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજયના વિવિધ જીલ્લામાંથી મંડળો સંઘો દ્વારા પગપાળા અંબાજી જતા હોય છે જેમાં માર્ગમાં શ્રદ્ધાળુઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે વિવિધ મંડળો દ્વારા ભોજન ચા નાસ્તા ની સુવિધાઓ જોવા મળી રહેલ છે પગદંડી જતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ના પડે તે રીતે તીર્થ જળસેવા મંડળ દ્વારા ૧૧૦૦૦ (અગિયાર હજાર) પાણીની બોટલો ‘‘જળ સેવા રથ’’ થકી પેથાપુરથી અંબાજી માર્ગમાં શ્રદ્ધાળુઓને આપીને જળસેવા કરતા નજરે જોઈ શકાય છે માં અંબાના ધામમાં જતા પદયાત્રીઓને ઉત્સાહમાં વધારો કરતા બોલ માડી અંબે... જય જય અંબે... ના નાદ સાથે સેવા કરતા નજરે પડે છે.

# સાઈ સર્જન સોસાયટી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી

**નરેન્દ્ર મોદીજીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે બાળકો માટે હરીફાઈનું આયોજન, વિવિધ રમતો યોજા**



દાહોદ,

સાઈ સર્જન સોસાયટીના ભાઈઓ તેમજ બહેનો દ્વારા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે વિવિધ સેવાકીય અને સામાજીક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દીપો તથા ફૂલોથી શણગાર કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે બાળકો માટે હરીફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી સહિત વિવિધ મનોરંજક રમતો યોજવામાં આવી હતી. બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને આનંદમય બનાવ્યો હતો.

સાઈ સર્જન સોસાયટીના ભાઈઓ–બહેનો દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં સામાજીક એકતા અને બાળકોના ઉત્સાહ સાથે વડાપ્રધાનના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# દે.બારીયા નગરના પીપલોદ રોડ પર વરસાદી કેનાલ પર ચાલી રહેલ ગેરકાયદેસર બાંધકામ બંધ કરવા પાલિકા દ્વારા નોટિસ

દે.બારીયા,

દેવગઢ બારીઆ નગરના પિપલોદ રોડ ઉપર આવેલ શ્રીજી સ્કૂલ તેમજ ટ્રેક્ટરના શો રૂમની બાજુમાં આવેલ વરસાદી કેનાલ ઉપર બાંધકામ શરૂા.ા. થતા આ બાંધકામ ગેરકાયદેસર શરૂ થયું હોવાની લોક ચર્ચાઓ એ જોર પકડયું હતું કેનાલ ઉપર બાંધકામ કરવામાં આવશે તો અનેક સમસ્યા ઉદભવે તેમ જોવાતા તેમજ આ મામલે કેટલીક રજૂઆતો થતા આખરે પાલિકા તંત્ર દ્વારા આ વરસાદી પાણીની કેનાલ ઉપર થતું ગેરકાયદેસર બાંધકામ બંધ કરવા માટે પાલિકા તંત્ર દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. જેમાં નોટીસ મળ્યા પછી પણ જે બાંધકામ શરૂ રહેશે તે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પાલિકા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. રોડ ઉપર આવેલ એક ટ્રેક્ટરના શોરૂમ અને શ્રીજી સ્કૂલની વચ્ચે આવેલ વરસાદી પાણીની કેનાલ ઉપર જે રાજા રજવાડાના સમયથી આવેલી છે, તે કેનાલ ઉપર હાલમાં ખાનગી બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું. આ બાંધકામ શરૂ થતા નગરમાં તરેહ તરેહની ચર્ચાઓ એ જોર્ પકડયું હતું કે, જે કેનાલ મારફતે વરસાદી પાણી નગરના માનસરોવરમાં ઠલવાય તે હેતુસર સ્ટેટ વખતથી આ મુખ્ય કેનાલ બનાવવામાં આવી છે. જે કેનાલના લીધે નગરના આ માનસરોવરમાં પાણીની મોટી આવક થતી જોવા મળે છે. ત્યારે હાલ આજ વરસાદી પાણીની કેનાલ ઉપર બાંધકામ શરૂ કરવામાં આવતા નગરમાં તરેહ તરેહની ચર્ચાઓએ જોર પકડયું હતું કે, આ બાંધકામ ખરેખર કે પછી સરકારી જમીનમાં અને ખાનગી જમીનમાં થઈ રહ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીઆ નગરમાં જ્યાં જુઓ ત્યાં બેરોકટોક એટલે કે નગરમાં કોઈ પણ જાતની પાલિકાની કે પછી લાગતા વળગતા વિભાગની પરમિશન લીધા વગર આડેધડ બાંધકામ થતા હોય તેમ જોવા મળી રહ્યું છે. નગરની કેટલીક જગ્યાએ એવું પણ કહેવાઈ રહ્યું છે કે, ચાર–પાંચ મજલાના ટાવરો પણ વગર પરમિશને બાંધી દેવામાં આવ્યા છે. જેની આજ દિન સુધી કોઈ પરમિશન ન લીધી હોય એવી પણ ચર્ચાઓ એ જોર પકડયું છે. તે અરસામાં નગરના પીપલોદ મા જે બાંધકામ કરવામાં આવી રહ્યું છે. તેની મંજૂરી લેવામાં આવી છે કે, કેમ એવા પણ અનેક ગંભીર સવાલો ઉઠયા હતા. ત્યારે હાલ પાલિકા તંત્ર આ મામલે સફાળે જાગ્યું અને આ બાંધકામને અટકાવવા માટે નોટિસ ફટકારી છે. જેમાં નોટિસ આપવા છતાં પણ જે બાંધકામની કામગીરી કરવામાં આવશે, તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પણ નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેને લઈ હાલમાં આ બાંધકામ બંધ કરવામાં આવતા ક્યાંક ને ક્યાંક આ બાંધકામ ગેરકાયદેસર રીતે શરૂ કરવામાં આવ્યું હોવાથી તે બંધ કરવામાં આવ્યું હોય તેમ ચર્ચાઈ રહ્યું છે. તંત્ર દ્વારા આ બાંધકામને લઈ યોગ્ય અને ન્યાયિક તપાસ કરવામાં આવશે કે પછી પાછલા બારણે બાંધકામની મંજૂરી આપવામાં આવશે તે હવે જોવાનું રહ્યું!!!!!

# મુવાડા રામજી મંદિરે ૧૧૦૦ દીવાની આરતીથી ઉજવાયો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ



ઝાલોદ,

મુવાડા ખાતે શ્રીરામજી મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના ૭૬મા જન્મદિવસ નિમિત્તે મહિલા મોરચા દ્વારા વિશેષ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૧૧૦૦ દીવાની આરતી કરવામાં આવી હતી.

દાહોદ જીલ્લા મહિલા મોરચાના પ્રમુખ રૂચિતાબેન રાજની અદયક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલા મોરચાની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધાર્મિક વાતાવરણ વચ્ચે યોજાયેલી ૧૧૦૦ દીવાની આરતીથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય બની ગયું હતું.

કાર્યક્રમમાં ઝાલોદ નગરપાલિકા પ્રમુખ રેખાબેન ટપુભાઈ વસૈયા, કાઉન્સિલર તમન્નાબેન પટેલ, સંગઠન મંત્રી રીટાબેન સોલંકી, મહિલા મોરચા પ્રમુખ જીગીશાબેન પંચાલ, મહામંત્રી ડિમ્પલબેન પટેલ, સભ્ય પીનલબેન પંચાલ, રંજનબેન પરમાર, દક્ષાબેન પટેલ સહિત પટેલ સમાજની બહેનો તેમજ મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી હતી. મહિલા મોરચાની બહેનો અને કાર્યકર્તાઓની ઉપસ્થિતિ તથા સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# સરકારી ઈજનેરી કોલેજ દાહોદ ખાતે મેન્ટલ હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

દાહોદ,

સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ ખાતે વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા અને માનસિક સ્વાસ્થ્યના સંચાલન માટે આયુર્વેદિક પદ્ધતિઓની સમજ આપવા Mental Health Management Through Ayurveda વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જીલ્લા આયુર્વેદ અધિકારી ડો. સુધીર જોશી દ્વારા વિદ્યાર્થીઓને માનસિક સ્વાસ્થ્યનું મહત્ત્વ સમજાવતાં દૈનિક જીવનમાં સારી આદતો કેળવવી, મનની શાંતિ જાળવવી તથા આળસ અને મોહ જેવી બાબતો પર નિયંત્રણ રાખવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આયુર્વેદના પંચકર્મ સહિતની પદ્ધતિઓના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની જાળવણી અને વ્યવસ્થાપન અંગે માહિતી આપી હતી.

આ કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. કે. બી. જુડાલના માર્ગદર્શન હેઠળ પ્રોફેસર બી. કે. ચાવડા અને ડો. ઈશાક શેખ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થ્ય અંગે જાગૃતિ વધારવા તેમજ સ્વસ્થ અને સંતુલિત જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષ સ્થાને દાહોદમાં દે. બારીયા ખાતે યુવા સંવાદ અને સંત સંમેલન યોજાશે

દાહોદ,

ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા ખાતે યુવા સંવાદ તથા સંત સંમેલન કાર્યક્રમો યોજાનાર છે. આ કાર્યક્રમોને અનુલક્ષીને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા વિવિધ સમિતિઓની રચના કરી અધિકારીઓને જવાબદારીઓ સોંપવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રીની મુલાકાત દરમિયાન ગ્રીન રૂમ, લાયઝનિંગ, ડાયસ પ્લાન, મિનિટ–ટુ–મિનિટ કાર્યક્રમ, સ્વાગત સ્થળ, મુખ્ય મંચ તથા ફાયર સેફ્ટી સહિતની વ્યવસ્થાઓ માટે સંબંધિત અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા જરૂરી આયોજન કરવામાં આવશે. કાર્યક્રમ સ્થળ તથા પાર્કિંગ વિસ્તારોમાં ટ્રાફિક નિયમનની કામગીરી પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

આ ઉપરાંત આરોગ્ય વિષયક વ્યવસ્થા અંતર્ગત મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, મુખ્ય જીલ્લા તબીબી અધિકારી તથા ઝાયડસ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને જરૂરી જવાબદારીઓ સોંપવામાં આવી છે. કાર્યક્રમ સ્થળે મેડિકલ ટીમ, એમ્બ્યુલન્સ તથા તબીબી સુવિધાઓ ઉપલબ્ધ રાખવામાં આવશે. એ સાથે કાર્યક્રમ સ્થળે વીજ પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે વીજ પુરવઠા અને વીજ સુરક્ષાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

જીલ્લા કલેકટર સુરભિ ગૌતમ દ્વારા સોંપવામાં આવેલી તમામ કામગીરીની સુચિત રીતે અમલવારી કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે, તેમજ કાર્યક્રમ દરમિયાન કોઈ વધારાની વ્યવસ્થાની જરૂરિયાત જણાય તો સંબંધિત અધિકારીઓ દ્વારા તાત્કાલિક વધારાની સ્ટાફ વ્યવસ્થા કરી કામગીરી સુચારૂ રીતે પૂર્ણ કરવા જણાવાયું છે.

# સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ‘સ્વચ્છતા હી સેવા ૨૦૨૬’: દાહોદના સનાતન મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું



દાહોદ,

રાજયભરમાં યોજાઈ રહેલા ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત ‘સ્વચ્છતા હી સેવા ૨૦૨૬’ કાર્યક્રમ હેઠળ દાહોદ સ્થિત સનાતન મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી તથા ચીફ ઓફિસર દીપસિંહ હઠીલાના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું. આ અભિયાનમાં દાહોદ નગરપાલિકાના પ્રમુખ, વિવિધ વોર્ડના નગરસેવકો, ‘કલીન દાહોદ’ની ઉત્સાહી ટીમ, નગરપાલિકાના સ્વચ્છતા સિપાહીઓ તથા શહેરીજનો જોડાઈને સ્વચ્છતા પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો હતો. આ પ્રસંગે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ ઉપસ્થિત શહેરીજનોને જણાવ્યું હતું કે, ‘‘સ્વચ્છતા એ માત્ર એક દિવસનું કાર્ય નથી પરંતુ આપણી દૈનિક જીવનશૈલીનો ભાગ હોવો જોઈએ. ધાર્મિક અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવી એ આપણી નૈતિક ફરજ છે.‘‘ તેમણે તમામ નાગરિકોને જાગૃત બની ગમે ત્યાં કચરો ન ફેંકવા અને કચરાનો યોગ્ય રીતે જ નિકાલ કરવા અપીલ કરી હતી.

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

મરણ કેસ. ૧૩૫/૨૦૨૬ તા:૧૮/૦૭/૨૦૨૬

અરજદારઃબારીયા કરણસિંહ ભીમજીભાઈ રહે.નીમચ, તા.ગરબાડા, જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, નીમચ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બારીયા કરણસિંહ ભીમજીભાઈના દાદા નામે બારીયા બીજીયાભાઈ ગુમાનભાઈનું મરણ તા.૨૫/૦૩/૧૯૯૪ ના રોજ ગામ.નીમચ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના દાદાના મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,નીમચ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :તા:૧૮/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં**

મરણ કેસ. ૧૩૪/૨૦૨૬ તા:૧૭/૦૭/૨૦૨૬

અરજદારઃબારીયા શૈલેષ ભોવાનભાઈ રહે.નીમચ, તા.ગરબાડા, જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, નીમચ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમઃ ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત..આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બારીયા શૈલેષ ભોવાનભાઈના દાદા નામે બારીયા હમીરભાઈ ગુમાનભાઈનું મરણ તા.૦૯/૦૫/૧૯૯૫ના રોજ ગામ.નીમચ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના દાદાના મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,નીમચ,તા. ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદાના મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ :તા:૧૭/૦૭/૨૦૨૬
સ્થળ : ગરબાડા
કોર્ટનો સિક્કો
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
મામલતદાર ગરબાડા

**જાહેર નોટીસ એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૫૦૦/૨૦૨૬ તા.૧૮/૦૯/૨૦૨૬

અરજદાર : સંગાડા વિકેશભાઈ રમેશભાઈ રહે. ઈટાવા, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ઈટાવા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના સંગાડા વિકેશભાઈ રમેશભાઈના બહેન/પુત્રીના નામે (૧) સંગાડા સોનુબેન રમેશભાઈનો જન્મ તા.૧૫/૦૨/૨૦૨૦ના રોજ (૨) સંગાડા ચંન્દ્રીકાબેન વિવેકભાઈનો જન્મ તા.૧૮/૦૪/૨૦૨૦ના રોજ ઈટાવા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના બહેન/પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઈટાવા, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના બહેન/પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટદ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ઈટાવા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૮ માંહે :સપ્ટેમ્બર –૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**

કેસ.નં.૩૯૭/૨૦૨૬ તા.૧૮/૦૯/૨૦૨૬

અરજદારઃ ખરાડીયા સુરતીબેન હુમલાભાઈ રહે. મોટીખરજ, તા.જિ.દાહોદ

વિરુદ્ધ

સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ખરાડીયા સુરતીબેન હુમલાભાઈના પુત્રના નામે ખરાડીયા સુરેશભાઈ હુમલાભાઈનો જન્મ તા.૦૫/૦૪/૧૯૯૫ના રોજ મોટીખરજ,તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, મોટીખરજ, તા.જિ.દાહોદ ના જન્મ–મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,મોટીખરજ, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ ૧૮ માંહે : સપ્ટેમ્બર –૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

–સહી–
કોર્ટનો સિક્કો
(પી.બી.ગોહિલ)એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.25

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરામાં આવતીકાલના રોજ યોજાનાર ગણેશ વિર્સજન યાત્રાને લઈ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો





ગોધરા,

ગોધરા શહેરમાં ભગવાન શ્રીગણેશ ભાવિભકતોનું આતિથ્ય માણવા આવ્ય છે અને ભાદરવા સુદ-૯ રવિવાર ૨૦ સપ્ટેમ્બરના રોજ ગણેશ મંડળો દ્વારા સ્થાપિત શ્રીજીની પ્રતિમાઓની વિર્સજન યાત્રા યોજાવાની હોય ત્યારે વિર્સજન યાત્રાને લઈ પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર સજ્જ થયું છે. શહેરમાં શાંતિપૂર્ણ ભકિતભાવ સાથે વિર્સજન યાત્રા પૂર્ણ થાય તે માટે વિર્સજન રૂટ ઉપર પોલીસનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા ગોધરા શહેરમાં યોજાનાર ભગવાન શ્રીગણેશની વિર્સજન યાત્રા રૂટ પરથી પસાર થનાર છે. તે રૂટપ ર જીલ્લા પોલીસ વિભાગ દ્વારા ફલેટ માર્ચ કરીને રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. ગણેશ વિર્સજન યાત્રા રૂટને ધ્યાને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ગોધરામાં યોજાનાર વિર્સજન યાત્રામાં ૪-એસ.પી., ૧૧- ડી.વાય.એસ.પી., ૫૪-પી.આઈ., ૯૮-પી.એસ.આઈ., ૧૩૭૨ પોલીસ કોન્સ્ટેબલ, ૨૫૦ વુમન પોલીસ કોન્સ્ટેબલ, ૪- કંપની એસ.આર.પી., ૧- કંપની આર.એ.એફ., ૧- કંપની બી.એસ.એફ., ૧૨૦૦- હોમગાર્ડ, ૫૦૦- જી.આર.ડી. તૈનાત કરાઈ છે. આ સિવાય ગણેશ વિર્સજન બંદોબસ્તમાં ૧૬૩ -વાયરલેસ સેટ, ૯૬- દુરબીન, ૩૪-ગેલગન, ૭૫-બોડી પ્રોટેકટર, ૧૧૪- બોડીવોર્ન કેમેરા, ૯૬- સીસી ટીવી કેમેરા,૮૨-વિડીયોગ્રાફર, ૧૦- વજ વાહન, ૨- વરૂણ વાહન, ૨૨- રિકવઝીટ વાહન, ૧૫- ક્રેઈન, ૧૦૦- રસ્સા, ૭૦-ટોર્ચનો ઉપયોગમાં લેવાશે. ગોધરા શહેરમાં ગણેશ વિર્સજન યાત્રા શાંતિ ભર્યા માહોલમાં પૂર્ણ થાય તે માટે જીલ્લા વહીવટી તંત્ર સજ્જ થયું છે.

## ડેરોલ સ્ટેશન પાસે લાખો લોકો માટે આશીર્વાદરૂપ ‘રેલ્વે ઓવરબ્રિજ LC-32’નું સાંસદ અને ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

કાલોલ,

ડેરોલ સ્ટેશન ખાતે લાંબા સમયથી પ્રતીક્ષિત ડેરોલ એલ.સી. ૩૨ રેલ્વે ઓવરબ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં આજે પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ અને કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ડેરોલ માર્કેટિંગ યાર્ડ પાસે યોજાયેલા આ કાર્યક્રમમાં વરસતા વરસાદ વચ્ચે પણ સ્થાનિક ગ્રામજનો અને આગેવાનો ભારે ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન વાહનચાલકોને બેથી ત્રણ કિલોમીટર દૂર પીગળી ફાટક પરથી ફરીને જવું પડતું હતું, જેના કારણે ઈંધણ અને સમયનો મોટો વ્યય થતો હતો. આ ઓવરબ્રિજ શરૂ થવાથી સ્થાનિકોને ભારે હાલાકીમાંથી મુકિત મળશે.કાલોલથી ડેરોલ ગામ, ઉદલપુર, સણસોલી, પાડું, ડાકોર અને દિલ્હી-મુંબઈ હાઈવે તરફ જતા લાખો વાહનચાલકો માટે આ બ્રિજ ખૂબ જ સુવિધાજનક સાબિત થશે.પોતાના ઉદ્બોધનમાં સાંસદે આ વિસ્તારના બાકી રહેલા અન્ય રોડ-રસ્તાના કામો પણ ટૂંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

આ લોકાર્પણ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ નીરજ પટેલ, કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, ઉપપ્રમુખ સંજય રાઠોડ, મંડળ પ્રમુખ મહિદીપસિહ ગોહિલ,



મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, કૃણાલ બારોટ તેમજ સ્થાનિક સરપંચો, વિવિધ મોરચાના હોદ્દેદારો અને સંગઠનના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ચેલાવાડામાં સ્વચ્છ ભારત અભિયાનના ધજાગરા?

કચરાના ઢગલા વચ્ચે સ્વચ્છતા ગ્રાન્ટના ઉપયોગ સામે સવાલ.



ઘોઘંબા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના ચેલાવાડા ગામમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કરવામાં આવતી સફાઈ કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. ગામમાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે, જ્યારે સ્વચ્છતા માટે મળતી સરકારી ગ્રાન્ટનો ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવામાં આવે છે તેની માહિતી ગ્રામજનોને મળતી નથી તેવી ફરિયાદો ઉઠી રહી છે.

ગામમાં સ્વચ્છતા જાળવવા માટે કચરા પેટીઓ હોવી જોઈએ, પરંતુ ગ્રામજનોના જણાવ્યા મુજબ અનેક સ્થળોએ કચરા પેટીઓ જોવા મળતી નથી. શાળા હોય કે જાહેર સ્થળજ્યાં નજર કરો ત્યાં કચરો અને ગંદકી જોવા મળતી હોવાનો આક્ષેપ છે.

સૌથી ગંભીર સ્થિતિ ગામની પ્રાથમિક શાળા પાસે આવેલા પાણીના સંપની હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનો જે સંપમાંથી પીવાનું પાણી મેળવે છે, તેની આસપાસ ગંદકી જોવા મળે છે. સંપમાં કચરો, દારૂની બોટલો અને મોટા દેડકા તરતા હોવાના દશ્યો ચિંતાજનક છે. એટલું જ નહીં, સંપનું ઢાંકણું પણ ખુલ્લું હોવાના કારણે શાળા અને આંગણવાડીમાં આવતા બાળકોની સલામતી સામે પણ સવાલો ઊભા થયા છે.

સ્વચ્છતાના સૂત્રો વચ્ચે ગંદકીનું સામ્રાજ્ય શાળાની આસપાસ સ્વચ્છ ભારત અભિયાન અને સ્વચ્છતા અંગેના સંદેશ આપતા સૂત્રો લખવામાં આવ્યા છેસ્વચ્છતામાં લક્ષ્મીનો વાસ છે જેવા સંદેશો પણ જોવા મળે છે. પરંતુ ગ્રામજનોનો સવાલ છે કે જ્યારે સ્વચ્છતા માટે સરકાર દ્વારા નાણાં ફાળવવામાં આવે છે, ત્યારે ગામની જમીની હકીકત આટલી વિપરીત કેમ છે?

સરકાર દ્વારા સફાઈ કામગીરી માટે વ્યક્તિદીઠ મળતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થાય છે કે નહીં, તેમજ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અને સરપંચ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ મળતી ગ્રાન્ટ ક્યાં ખર્ચવામાં આવી તેની વિગતો જાહેર કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

ગ્રામજનોમાં એવી પણ ચર્ચા છે કે, સ્વચ્છતા માટે મળતી લક્ષ્મી ગામની સ્વચ્છતા પાછળ વપરાઈ કે અન્યત્ર? જોકે આ અંગેના આક્ષેપોની સત્તાવાર તપાસ અને હકીકત બહાર આવવી જરૂરી છે.

બાબાદેવ મંદિર આવતા બહારના ભક્તો શું સંદેશ લઈ જશે?

ચેલાવાડા ગામમાં પ્રસિદ્ધ બાબાદેવ મંદિર આવેલું છે, જ્યાં ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે આવતા હોવાનો ગ્રામજનોનો દાવો છે. ત્યારે ગામમાં પ્રવેશતા જ જોવા મળતી ગંદકી અને કચરાના ઢગલા સ્વચ્છ ભારત અભિયાનની કામગીરી અંગે ગંભીર સવાલો ઊભા કરે છે.

એક તરફ સ્વચ્છતા અંગે મોટા મોટા સૂત્રો લખવામાં આવે છે, તો બીજી તરફ શાળા, પાણીના સંપ અને જાહેર સ્થળોની આસપાસ ગંદકી જોવા મળે છે. આ પરિસ્થિતિ વચ્ચે ગ્રામજનો હવે માંગ કરી રહ્યા છે કે ચેલાવાડા ગ્રામ પંચાયતને મળેલી સ્વચ્છતા ગ્રાન્ટની તપાસ કરવામાં આવે અને અત્યાર સુધી થયેલા ખર્ચની વિગતો જાહેર કરવામાં આવે.

સરકારી નાણાંનો હેતુ ખરેખર ગામની સ્વચ્છતા માટે સિદ્ધ થયો છે કે નહીં તે અંગે સંબંધિત તંત્ર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે તો સમગ્ર હકીકત બહાર આવી શકે તેમ છે.

કચરાના ઢગલા ગામમાં અને સફાઈ માત્ર સરકારી તિજોરીની?ચેલાવાડામાં સ્વચ્છ ભારત અભિયાનની કામગીરી સામે ઊઠેલા સવાલોનો જવાબ હવે તંત્ર આપશે કે કેમ તે જોવું રહ્યું.

## શેઠ પી.ટી. આર્ટસ કોલેજ, લો કોલેજ અને કોમર્સ કોલેજ ગોધરા ખાતે “આશીર્વાદના દીવડા” કાર્યક્રમ યોજાયા



ગોધરા,

દેશના દુરંદેશી અને સફળ સુકાની એવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના સેવા અને સમર્પણના ૨૫ વર્ષની ઉપલબ્ધિ પ્રસંગે સાર્વજનિક કોમર્સ કોલેજ, લો કોલેજ તથા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ગોધરા ખાતે ‘આશીર્વાદના દીવડા’ કાર્યક્રમ યોજાયા જે અંતર્ગત ત્રણેય કોલેજના પ્રિન્સિપાલ ડો. શૈલેન્દ્ર પાંડે, ડો. અપૂર્વ પાઠક તથા ડો. એમ બી પટેલ સહિત તમામ સ્ટાફ તથા એનએસએસના વિદ્યાર્થીઓ દ્વારા દીવડા પ્રગટાવી મોદીજીના જન્મદિવસની ઉજવણી કરી તેમના દીર્ઘાયુ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય અને આગામી સમયમાં પણ દેશ માટે અવિરત સેવાઓ મળે તે માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. ગૌતમ ચૌહાણ (એસપીટી કોલેજ) ડો. સતીશ નાગર ( લો કોલેજ) તથા ડો. અરૂણસિંહ સોલંકી (કોમર્સ કોલેજ) દ્વારા દીવડા સહિત વિવિધ વ્યવસ્થા કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શહેરામાં ધીમી ધારે દોઢ ઈંચ વરસાદઃ વાતાવરણમાં પ્રસરી ગુલાબી ઠંડક, લોકો છત્રી-રેઈનકોટના સહારે નીકળ્યા



શહેરા,

શહેરામાં શુક્રવારના દિવસ દરમિયાન વરસાદી માહોલ જોવા મળ્યો હતો.સતત ધીમી ધારે પડેલા દોઢ ઈંચ જેટલા વરસાદના કારણે કામકાજ અર્થે બહાર નીકળેલા લોકોને મુશ્કેલી પડી હતી.શહેરામાં શુક્રવારની સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો.દિવસ દરમિયાન વરસાદી માહોલ જોવા મળવા સાથે દોઢ ઈંચ જેટલો નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો.રાહદારીઓ, બાઈકચાલકો અને નોકરિયાત વર્ગએ વરસાદથી બચવા માટે રેઈનકોટ અને છત્રીનો સહારો લેવો પડ્યો હતો. વરસાદના પગલે સમગ્ર પંથકનું વાતાવરણ આહલાદક બની ગયું હતું અને વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ હતી. વાવણી બાદ વરસાદની રાહ જોઈ રહેલા સ્થાનિક ખેડૂતોમાં આ વરસાદથી ભારે ખુશી જોવા મળી હતી. ધીમી ધારે પડેલો વરસાદ જમીનમાં ઉતરી જતો હોવાથી પાકને સીધો ફાયદો થશે તેવું ખેડૂતોનું માનવું છે.

## ગોધરામાં વહેલી સવારે ધોધમાર વરસાદ ખેડૂતોમાં આનંદ



ગોધરા,

ગોધરામાં બે દિવસના વિરામ બાદ ફરી વરસાદ શરૂ થયો છે. વહેલી સવારથી જ ગોધરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આના કારણે સમગ્ર પંથકમાં વરસાદી માહોલ છવાઈ ગયો છે.

લાંબા સમયથી અનુભવાઈ રહેલા ઉકળાટ અને બફારામાંથી શહેરીજનોને મોટી રાહત મળી છે. વરસાદ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જેનાથી લોકોને સુખદ અનુભવ થયો.

આ સિઝનમાં પડેલો આ વરસાદ ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થયો છે. ખેતરોમાં પાક માટે જરૂરી સમયે વરસાદ થતાં ખેડૂતો ખુશ છે. વરસાદને કારણે પાક સુકાઈ જવાની ચિંતા પણ ઓછી થઈ છે.

## ગોધરા શહેરના વોર્ડ નં. ૯માં રોડકામ દરમિયાન પાણીની લાઈન તુટી જતાં રિપેરિંગ માંગ

ગોધરા,

ગોધરા નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૯માં આવેલા ગોન્દ્રા વિસ્તારમાં રોડના નિર્માણ કાર્ય દરમિયાન પાલિકાની મુખ્ય પીવાના પાણીની સપ્લાય લાઇન તૂટી જતાં મોટું ભંગાણ સર્જાયું છે.

હસનેન સોસાયટી અને સીરીન એપાર્ટમેન્ટ નજીક છેલ્લા ચાર દિવસથી હજારો લિટર પીવાનું શુદ્ધ પાણી ગટરમાં વેડફાઈ રહ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં પાણી પુરવઠો ખોરવાઈ ગયો છે. સ્થાનિક કાઉન્સિલર યાકુબ બક્કર (તપેલી) દ્વારા આ ગંભીર સમસ્યા અંગે પાલિકા તંત્રને મૌખિક અને વોટ્સએપ મારફતે વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં, તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

લાઇન ગટરની અંદર હોવાથી દૂષિત પાણી ભળવાની અને સમગ્ર વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળવાની ભારે શકયતા સેવાઈ રહી છે. પીવાના પાણીની તંગી અને તંત્રની નિષ્ક્રિયતાને પગલે રહિશોમાં ભારે રોષ વ્યાપી ગયો છે. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે પાઈપલાઈનનું રિપેરિંગ કરી નિયમિત અને શુદ્ધ પાણી પુરવઠો શરૂ કરવાની ઉગ્ર માંગ કરી છે.

## શહેરાના નાંદરવા દશામાઁ મંદિરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિને ભકિતમય ઉજવણીઃ આશીર્વાદના દીવડા પ્રગટાવી દીર્ઘાયુની પ્રાર્થના કરાઈ

શહેરા,

શહેરા તાલુકાના નાંદરવા ગામે આવેલ દશામાઁના મંદિર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. તાલુકા પંચાયત સદસ્ય રેખાબેન પગી અને ગામના અગ્રણી બળવંતસિંહ ખાતુભાઈ પગીના સૌજન્યથી યોજાયેલા ભજન સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા, જ્યાં આશીર્વાદના દીવડાઓ પ્રગટાવી વડાપ્રધાનના નિરામય આયુષ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

શહેરામાં દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ધાર્મિક અને સામાજીક કાર્યક્રમો થકી ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત તાલુકાના નાંદરવા ગામે આવેલા દશામાઁના મંદિર ખાતે ભકિતસભર વાતાવરણમાં ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનો અને પક્ષના કાર્યકરોએ એકઠા થઈ પ્રધાનમંત્રીના દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક ઉજવણીનું આયોજન તાલુકા પંચાયતના સદસ્ય રેખાબેન પગી તથા ગામના અગ્રણી બળવંતસિંહ ખાતુભાઈ પગી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન દશામાઁના પરિસરમાં ભજન-કીર્તન સહિતના વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાયા હતા. સ્થાનિક ભજન મંડળીઓ દ્વારા પ્રસ્તુત કરાયેલા ભક્તિગીતોથી સમગ્ર વાતાવરણ ભકિતમય બની ગયું હતું.માતાજીના મંદિર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા ગ્રામજનો, મહિલાઓ તેમજ પક્ષના આગેવાનોએ માતાજી સમક્ષ ‘‘આશીર્વાદના દીવડાઓ’’નું પ્રાગટ્ય કર્યું હતું. તમામ શ્રદ્ધાળુઓએ એકસૂરે મહાઆરતી કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને વિકાસના શિખરો પર લઈ જાય અને તેમને દીર્ઘાયુ તથા સુદ્રઢ સ્વાસ્થ્ય સાંપડે તે માટે દશામાઁના ચરણોમાં



સીસ ઝૂકાવી આશીર્વાદ માંગ્યા હતા.આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્ય રેખાબેન પગીએ જણાવ્યું હતું કે, ‘‘વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયામાં ભારતનું ગૌરવ વધાર્યું છે.ગ્રામજનો અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ સાથે મળીને દેશના વડાપ્રધાનના સુદ્રઢ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરી હતી. જ્યારે નાંદરવા ગામના અગ્રણી બળવંતસિંહ ખાતુભાઈ પગીએ વડાપ્રધાનના રાષ્ટ્રનિર્માણના કાર્યોની સરાહના કરતા જણાવ્યું હતું કે, ‘‘નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસને ધાર્મિક કાર્યક્રમો દ્વારા ઉજવવો એ અમારા માટે સૌભાગ્યની વાત છે. આ ધાર્મિક આયોજનમાં સહભાગી બની વડાપ્રધાનના દીર્ઘાયુની પ્રાર્થના કરવા બદલ હું નાંદરવા ગામના તમામ ગ્રામજનોનો આભાર વ્યક્ત કરૂં છું.‘‘.આ ધાર્મિક ઉજવણીમાં નાંદરવા ગામના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ તથા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર વાતાવરણ ‘‘જય દશામાઁ‘‘ અને ‘‘ભારત માતા કી જય‘‘ના નારાઓથી ગુંજી ઊઠ્યું હતું.

## ગોધરા ખાતે કલસ્ટર કક્ષાનો રોજગાર મેળો અને પ્રેરણાત્મક સ્વરોજગાર માર્ગદર્શન શિબિર સંપન્ન

પંચમહાલ,

પંચમહાલ જીલ્લાના યુવાનોને રોજગાર અને સ્વરોજગારની વિવિધ તકો સરળતાથી ઉપલબ્ધ થાય તેવા કલ્યાણકારી હેતુ સાથે ગોધરા સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે કલસ્ટર કક્ષાના રોજગાર મેળા તેમજ પ્રેરણાત્મક સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ નિરજભાઈ પટેલ તથા ધારાસભ્ય નિમિષાબેન સુથાર સહિતના મહાનુભાવોએ ખાસ ઉપસ્થિત રહી ઉમેદવારોને પ્રોત્સાહિત કર્યા હતા.આ રોજગાર મેળામાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રની ૩૫ અને અન્ય ક્ષેત્રોની ૧૭ મળીને કુલ ૪૫થી વધુ પ્રતિષ્ઠિત કંપનીઓએ સહભાગિતા નોંધાવી હતી. પ્રતિનિધિઓ દ્વારા ઉપલબ્ધ ખાલી જગ્યાઓ, જરૂરી શૈક્ષણિક લાયકાત, ભરતી પ્રક્રિયા, કામનું સ્વરૂપ, વર્ક કલ્ચર, વેતન ધોરણ તેમજ મળવાપાત્ર વિવિધ લાભો અંગે વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. તદુપરાંત, મહિલા ઉમેદવારો માટે ઉપલબ્ધ વિશેષ તકો અંગે પણ જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.શિબિર દરમિયાન યુવાનોને એપ્રેન્ટિસશિપ, ખાનગી ક્ષેત્રની નોકરીઓ, ઈન્ટરવ્યૂ કૌશલ્ય અને સ્વ-વિકાસ અંગે ઉપયોગી ટિપ્સ આપવામાં આવી હતી. આ સાથે જ ડિફેન્સ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઉત્સુક યુવાનોને ભરતી પ્રક્રિયા વિશે જાણકારી અપાઈ હતી.ઉમેદવારોને ભારત સરકારના નેશનલ કરિયર સર્વિસ (NCS) પોર્ટલ અને તેના પર ઉપલબ્ધ ડિજીટલ સંસાધનોથી



માહિતગાર કરાયા હતા. તેમજ વિવિધ પ્રતિષ્ઠિત IT કંપનીઓ દ્વારા આપવામાં આવતી નિઃશુલ્ક કૌશલ્ય તાલીમ અને કમ્પ્યુટર કોર્સીસ અંગેની માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના યુવાનો માટે શરૂ કરાયેલ રાષ્ટ્રીય રોજગાર મેળા અભિયાનની શ્રૃંખલારૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા રોજગાર કચેરી, ગોધરા દ્વારા પંચમહાલના યુવાનોને કચેરીનો અથવા સત્તાવાર ફેસબુક પેજનો સંપર્ક કરી આગામી રોજગારલક્ષી કાર્યક્રમોનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગોધરા કલેકટર કચેરી ખાતે ‘મિશન શકિત’ અંતર્ગત જીલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાઈ

પંચમહાલ,

મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત કાર્યરત મિશન શકિત અમ્બ્રેલા યોજના હેઠળ જીલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની અગત્યની બેઠક ગોધરા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા વિકાસ અધિકારી પ્રણવ વિજયવર્ગીયની અધ્યક્ષતામાં યોજાઈ હતી.આ બેઠકમાં મહિલા સશકિતકરણ અને બાળ સુરક્ષા સુનિશ્ચિત કરતી વિવિધ યોજનાઓ તથા સેવાઓ જેવી કે બેટી બચાવો બેટી પઢાવો (BBBP), સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન (DHEW), સખી વન સ્ટોપ સેન્ટર (OSC), ૧૮૧ મહિલા હેલ્પલાઈન, મહિલા સ્વાવલંબન યોજના અને પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર (PBSC)ની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સંબંધિત વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરી, યોજનાકીય કાર્યક્રમો અને લાભાર્થીઓને પૂરી પાડવામાં આવેલી સેવાઓની વિસ્તૃત માહિતી રજૂ કરાઈ હતી. વિશેષરૂપે DHEW યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટે મળવાપાત્ર ગ્રાન્ટ અને તેના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર ખાતે નોંધાયેલા કેસોની



આંકડાકીય સ્થિતિ, કર્મચારીઓની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ ૧૮૧ મહિલા હેલ્પલાઇન દ્વારા ૨૪x૭ પૂરી પાડવામાં આવતી ટેલિકોમ સેવાઓ, ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ અને વન સ્ટોપ સેન્ટર સાથેના સંકલન અંગેની કામગીરીની સમીક્ષા હાથ ધરાઈ હતી. જીલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રણવ વિજયવર્ગીય દ્વારા મહિલાઓ માટેની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી સુચારૂ રીતે પહોંચે અને સેવાઓ વધુ અસરકારક બને તે માટે જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા હતા.